# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૩-A તા. ૦૭-૦૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૦.

સંદર્ભ :- રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૦/૨૦૨૧/૫૪-૧૩૬ તા.૭-૧-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આ સાથે સામેલ રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૦/ ૨૦૨૧/૫૪ -૧૩૬ તા.૭-૧-૨૦૨૧ મુજબ પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૦ તા.૧૪-૦૩-૨૦૨૧ને રવિવારના રોજ યોજવાનું નકકી કરવામાં આવેલ છે. આ પરીક્ષા માટેના આવેદન પત્રો www.sebexam.org વેબસાઈટ પર તા.૮-૧-૨૧ થી તા.૨૭-૧-૨૧ દરમ્યાન ઓનલાઈન ભરવાના રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૭-૦૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૦"**

**"Primary-Secondary Scholarship Exam-2020"**

**જાહેરનામું:**:ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૦/૨૦૨૧/૫૪-૧૩૬ તા: ૦૭/૦૧/૨૦૨૧

શિક્ષણ અને મજુર વિભાગ, ગાંધીનગરના તા.૦૯/૧૧/૧૯૮૪ના ઠરાવ ક્રમાંક: એસ.સી. એચ./૧૦૮૯/ ૪૦૪૯ અન્વયે તા:.૨૨/૧૨/૨૦૨૦ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે મળેલ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૦ **(શહેરી/ગ્રામ્ય /ટ્રાયબલ વિસ્તાર)**માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે આગામી તા૧૪/03/૨૦૨૧ રવિવારના રોજ પરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા. ૨૭/૦૧/૨૦૨૧ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

## ❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૦૭/૦૧/૨૦૨૧ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા. ૨૭/૦૧/૨૦૨૧ |
| 3 | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે **અથવા** ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા. 30/૦૧/૨૦૨૧ |
| ૪ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br>(૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૪/૦૨/૨૦૨૧ |
| ૫ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૨/૦૨/૨૦૨૧ |

| | | |
|---|---|---|
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | ૧૨/૦૨/૨૦૨૧ |
| ૬ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DPEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૯/૦૨/૨૦૨૧ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૭ | પરીક્ષા તારીખ | ૧૪/03/૨૦૨૧ |

❖ **ઉમેદવારની લાયકાત :**

- **પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા :**

  જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ- ૬ માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) ગ્રાન્ટેડ પ્રાથમિક  તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાની પરીક્ષા આપી શકશે.

  ધોરણ-૫માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

- **માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા :**

  જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ- ૯ માં સરકારી માધ્યમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓ, ગ્રાન્ટેડ  માધ્યમિક તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ  શિષ્યવૃત્તિ પરીક્ષાની પરીક્ષા આપી શકશે.

  ધોરણ- ૮ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

❖ **અભ્યાસક્રમ :**

- **પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

  પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧ થી ૫ સુધીનો રહેશે.

- **માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

  માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ- ૬ થી ૮ સુધીનો રહેશે.

❖ **માધ્યમ :**

- પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રશ્ન પેપરોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ **પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ : પ્રાથમિક- માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

| કસોટી નો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) ભાષા-સામાન્યજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |
| (૨) ગણિત-વિજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |

**નોંધ:: અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે**

❖ **પરીક્ષા ફી :**

| ક્રમ | પરીક્ષાનુંનામ | પરીક્ષાફી | માર્કશીટ/પ્રમાણપત્રફી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૨૫/- | ૧૫/- | ૪૦/- |
| ૨ | માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૩૫/- | ૧૫/- | ૫૦/- |

➢ **સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.**

❖ **આવક મર્યાદા :**

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવક મર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૦૮/૦૧/૨૦૨૧ બપોરના ૧૪.૦૦) થી તા.૨૭/૦૧/૨૦૨૧ (રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી)** દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા બાદ ફી ભર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- "પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬)" અથવા " માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૯)" સામે Apply Now પર Click કરવું.

- **<u>Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે</u>.**
- **<u>વિદ્યાર્થીની વિગતો U-DISE Number ના આધારે ભરવાની રહેશે.</u>**
- **<u>શાળાની વિગતો માટે શાળાના DISE Number ના આધારે ભરવાની રહેશે.</u>**
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (15 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Applicationપર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. <u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.</u>
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee chalan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટ વે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

## ❖ <u>ફી ભરવાની રીત:</u>

- પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપ પ્રિન્ટ કરી આ પે સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકાશે.
- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરરાઈઝ પોસ્ટ ઓફીસમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી પરીક્ષા ફી ભરી શકાશે.ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ પોસ્ટ ઓફીસ દ્વારા પરત

આપવામાં  આવશે. પોસ્ટ ઓફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

- ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING"થી પણ ફી ભરી શકાશે. ઓનલાઈન ફી જમા કરાવવા માટે PRINT APPLICATION/CHALLAN" પર Click કરવું. અને વિગતો ભરવી. ત્યારબાદ ONLINE PAYMENT ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં NET BANKING OF FEE  અથવા Other Payment Mode ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઈ ગઈ છે તેવુ SCREEN પર લખાયેલું આવશે. અને e-receipt  મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે.તો SCREEN પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઈન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફી ની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં e-receipt  જનરેટ ન થઈ હોય તો તાત્કાલિક રાજય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલથી સંપર્ક કરવાનો રહેશે.

❖ **જરૂરી આધારો / પ્રમાણપત્રો :**

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/પ્રમાણપત્રો જોડવાના રહેશે.
- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)

❖ **શાળાએ કરવાની કાર્યવાહી:**

- **વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.**

(૧) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૬)ના પ્રાથમિક શાળા દ્વારા  ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે તા-૦૪/૦૨/૨૦૨૧  સુધીમાં આવેદનપત્રો  સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/શાસનાધિકારી ની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

(૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૯)ના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે તા- તા-૦૪/૦૨/૨૦૨૧ સુધીમાં આવેદનપત્રો  સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની  કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ **તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીનીકરવાની કાર્યવાહી:**

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬) ના પ્રાથમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર તા:૧૨/૦૨/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં આવેલ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:. તા:૧૨/૦૨/૨૦૨૧ સુધીમાં  જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાર્યવાહી:**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૧૯/૦૨/૨૦૨૧ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **<u>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાર્યવાહી:</u>**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં <u>માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૯ના</u> માધ્યમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૧૨/૦૨/૨૦૨૧</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૧૯/૦૨/૨૦૨૧</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

➢ <u>નોંધ: આવેદનપત્રો રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવા માટેની પદ્ધતિ તથા યુઝર નેમ અને પાસવર્ડ બોર્ડ દ્વારા અલગ પત્રથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીને /તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મોકલી આપવામાં આવશે.</u>

❖ **<u>માર્ગદર્શક સૂચનાઓ</u>** ::

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ શાળાઓમાં આ જાહેરનામાંની નકલ <u>તા-૮/૦૧/૨૦૨૧</u> સુધીમાં ફરજીયાતપણે પોંહચાડવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ના મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિના તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા.૦૪/૦૨/૨૦૨૧</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની /શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિના તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા.૦૪/૦૨/૨૦૨૧</u> સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં પ્રાથમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા.૧૨/૦૨/૨૦૨૧</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ માધ્યમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૧૨/૦૨/૨૦૨૧</u> સુધીમાં ઓનલાઇન

એપ્રુવ કરવાના રહેશે. એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા.૧૯/૦૨/૨૦૨૧ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિના તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા.૧૯/૦૨/૨૦૨૧ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **અગત્યની સૂચનાઓ ::**

- વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
- જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- વિદ્યાર્થીના હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- **જો ફોર્મ ભરતી વખતે કોઈપણ વિદ્યાર્થી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૨૪ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.**
- **આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે.સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.**
- **નામ, અટક,જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૦૭/૦૧/૨૦૨૧

( પી.એ.જલુ )
અધ્યક્ષ
રાજયપરીક્ષાબોર્ડ
ગાંધીનગર

❖ **<u>નકલ રવાના અમલાર્થે</u>**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામપ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૨) શાસનાધિકારીશ્રી, તમામ

આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

(૩)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લાના તમામ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૫) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

(૬) મેનેઝરશ્રી,બીલ ડેસ્ક,અમદાવાદ.

❖ **<u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>**

(૧) સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

(૩) નાયબ નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૪)નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.